...ીતપુરનો છુપો ભેદ.

...ર્તા વિનોદ

અંકમાળા

...ંબર બીજો

શશાંક લવાજમ

...ર્ષે આના આઠ, ટ-

...ાલ ત્રણ આના.

"દેશી મિત્ર" પ્રેસ.

"શશાંક"

તંત્રી

જનસુખરામ ન-
રહરરામ મુનશી

વર્ષ ૨ માર્ચ એપ્રીલ
૧૯૦૨

અંક—

પ્રગટ કરનાર

બાલુભાઈ ભગવા-
નદાસ—બુકસેલર

વાર્તા વિનોદ અંક-
માળાના કર્તા સગરા-
મપુરા અને મોટા મં-
દીર હાઇરોડ—સુરત-
SURAT.

કીંમત—ટપાલ સા-
થે આના બે

લલીતપુરનો છુપો ભેદ

પ્રકરણ ૧લું

ધવળગિરિપર ભમતિ સુંદરી.

જીવન વિનાનો તૂટી જતો તાર હવે સંધાયો. ભયકંર રાત્રીનો છુપો ભેદ તે ખરેખર ભયંકરજ છે. તે નામ સાથ લેવાતા ભોગ નો ચિતાર ખચીત કરૂણામય છે. નર્ક કુંડનો અનુભવ સારો પણ ભયંકર રાત્રીના છુપા ભેદની શિક્ષા બુરી. અગરજો હું તેમાંથી બચી છૂટી છું. હું નિર્ભય છું છતાં, હજુ મારા મનમાં તેનો ત્રાસ રમી રહ્યા છે. હું મરીશ મારૂ શરીર અગ્નિમાં બળી કોઇક દીન ખાખવત થશે, પણ એ ભયંકર રાત્રીના છુપા ભેદની બીક તે રક્ષામાંથી પણ ટળશે નહીં. પ્રભુ ? પ્રભુ ?? મનુષ્યના હસ્તે આ કેવા ઘોર કૃત્યો થાય

છે. તુ તારૂ જોર તેનાપર શા માટે અજમાવતો નથી ? ખેર હવ એ ભયંકર વિચાર મારે ભૂલી જવા જોઇએ. ત્યાં ગમે તેના ભોગ લેવાય, મારે તે જોવા નથી, તો વિચાર કરવો ફોકટ છે. હાલતો હું નિર્ભય છું. પણ હું કયા પ્રદેશમાં છું. આ કોઇક પહાડી પ્રદેશ છે. હું અનુમાન કરૂં છું કે કોઇક પર્વતની ઉપલી ટોચપર હું છું. આ કોઇક પડી ભાંગેલું દેવસ્થાન છે--તેમાં મૂર્ત્તિ જેવું કશું લાગતું નથી. પણ પ્રાચીન હોવાથી મૂર્તિનો નાશ થયો લાગે છે. અંધારાને લીધે ઝાંખા પ્રકાશમાં હું નક્કી અનુમાન કરી શક્તી નથી, પણ પ્રભાત થતાંજ હું કયા પ્રદેશમાં છું. તેનું મને અનુકરણ થશે. મન શાન્તથા તું સ્વતંત્ર છે આ ભૂમિપર જરા શયન કર—

ધવલગિરિની ટોચપર વસંતનો છૂટકારો થયો, મહારાજ **વિજયસિંહે** અને બહાદુર સરદાર **હુસેને** ઘાતકી વીરમલની લાશને અગ્નિકુંડમાં ઝુકાવી કે તુરતજ તારાદેવીના કરૂણામય વિલાપનો શોર અને અગ્નિના ભભુકા જોઇ તેઓ તે જગ્યા છોડી ગયા, ત્યારે ધવલગિરિની ઉપલી ટોચપર

જ્યાં અગ્નિકુંડ હતો ત્યાંથી થોડેક દુર આવેલા જીર્ણુ થઇ ગયલા મંદીરમાંથી ઉપલા શબ્દો સંભળાતા હતા.

એ શબ્દો એક વીરબાળાના હતા, મંદિરમાં મૂકેલી લાકડાની માંચીપર કપાળે હાથ દઇ બેઠી બેઠી તે ઉપલા શબ્દો બોલતી હતી. વિચાર તરંગમાં થોડીક વાર ડૂબકી ખાધા પછી તેણે ભૂમિપર શયન કરવાનો વિચાર કીધો, પણ તેના નસીબમાં તે સુખ ન હતું. હુસેને દૂરથી કરેલા બંદુકના ધડાકાથી તેના કાન બહેર મારી ગયા, અને તેનું નાજુક શરીર કંપી ઉઠયું. થરથર ધ્રુજતી તે બેઠી થઇ બોલી ઉઠી-દુષ્ટ વિધાતા અંતે તેં પાછી ફસાવી, પણ નહીં, તેનું ધારવું ખોટું હતું. વિધાતાએ દયા કરી, તેનો તર્ક ખોટો પાડયો. પા કલાકમાં તેની ખાત્રી થઈ કે હું સહીસલામત છું. જે ભય હતું તે ખોટું હતું એ તો માત્ર સ્વપ્નનો તરંગ હતો. તેણે ભૂમિપરથી ઉઠી. મંદિરમાં બે ત્રણ ફેરા ખાધા. તેનું મન નક્કી વિચારપર ન આવતાં અધિરા થઇ તેણે મંદીરનું બારણું આસ્તેથી ઉઘાડયું, તો થોડે દૂર તેણે રાતો પ્રકાશ

દીઠો. ધારીને જોતાં કોઇની ચેહ બળતી તેને માલમ પડી. જે જોઇ તે મુઝાવા લાગી. તે બોલી જે ભયંકર ધડાકો મેં થોડીવારપર સાંભળ્યો. તે ખરો જ હતો. સ્વપ્નનો આભાસ નહીં, પણ તે બંદુકનો બહારજ હતો. જ્યાં છે ત્યાં આ કોઇક કરપીણ કોઇનું ખૂન કરી તેની લાસ આ ભયંકર પ્રદેશમાં ચેતાવી ગયા લાગે છે. કાળા કૃત્ય કરનારાએ પોતાનો માર્ગ લીધો હોય, તેમ ત્યાં કોઇ આકૃતિ નજર આવતી નથી ખૂન કોનું કરવામાં આવ્યું, કોણે કીધું, ખૂનનો હેતુ શો, એ બધુ હું શી રીતે જાણું ? મન જરા દ્રઢથા.

વીરબાળા હજુ મંદિરના બારણાકને ગાલે હાથ દઇ ઉભી હતી. પણ એવી સ્થિતિમાં એ વધુવાર થોભી નહીં. મનતરંગોએ ઉછાળા મારી તેને તે ચેહ કને ઘસડી લાવ્યા. ભયના ત્રાસથી, ધાસ્તીથી, કે પછી ગમે તે રીતે તે તે બળતી ચેહકને આવી. કને આવતાં બોલી—કરૂણામય ચિતાર, આ કોઇક પુરૂષની લાસ અર્ધ દગ્ધ થયેલી છે. અફસોસ ? કદાચ, જેને માટે હું આવા વિકટ સંકટો મહન

રૂ છું, જેને માટે મે મારી અર્ધ જીદંગી તારાજ કરી છે, રાજ્યવૈભવના સુખો તજ્યાં છે, ભયંકરાત્રીના છુપા ભેદનો ભોગ થઇ અપાર સંકટો સહ્યાં છે તેનીજ, તેનીજ, લાસ આ હોય તો અરે, મારી શી દશા ? ઓ દૈવ, મારૂં મન મુઝાય છે. મને લાસ જોઇ સદેહ પડે છે, મારૂં મન એ બળતી ચેહ ભણી વલણ લે છે, અરે મારી ઇચ્છીત વસ્તુનો નાશ થતો હું ભાળું છું. દુષ્ટ વિધાતા મને ભવિષ્યનો લેખ બતાવ. ઓ અદ્રશ્ય શકિત તું જાહેર થઇ આ ભયંકર ભેદ ખોલ. મને ખોટે રસ્તે હવે ન દોરવો, મને સ્પષ્ટ કહી દો, હા, હા, ઓ હિણભાગ્ય રાજબાળા આ તેનીજ લાસ છે કે જેને માટે તેં સુંદર રાજ્ય મહેલ તજ્યો, સુંદર શય્યા તજી, સુંદર ભોજન અને રંગવિલાસ તજ્યા. વહાલા પ્રતાપ ને દગો દીધો, અને સખીઓને પ્રપંચથી છેતરી, અરે મને જણાવી દો કે જેને માટે અરણ્યમાં ભટકી વન ફળો ખાઇ દિવસ ગુજાર્યા, ગંધાતાં નાળાના પાણી પીધા. પથ્થરોપર શયન કર્યું. અરે મને વહેમમાં નાં નાંખો, મારી ખાત્રી કરો કે

અપાર દુઃખ સહન કર્યા પછી જે અંધારા કેદ ખાનામાં તેં નર્ક કુંડનો અનુભવ ત્રણ વર્ષ ભોગવ્યો, તેનીજ લાસનો કરપીણુ ચિંતાર તું તારી દ્રષ્ટી સમીપ ભાળે છે. અફસોસ? જો તેમજ હોય તો મારૂં કર્મ ફૂટયું. દૈવ આ તેં શું કીધું? આ કર્મહિણીની તને હજુએ દયા નથી આવતી. વિધાતા, દુનિયાની બહોળી સપાટીપર હજારો સુખી કુટુંબો વસે છે. તેને મૂકી તું આ ફુટેલા કર્મનીની પાછળ શા માટે લાગી છે? હજારો વૈભવોનો ત્યાગ કીધો, છતાં એવું તે કયું હવે મારી કને હસ્તી ધરાવતું સુખ છે, કે જેની તને અદેખાઈ લાગી છે. હણંતાને હણવામાંજ તું મોજ માનતી લાગે છે. અરે પિશાચણી, ઠગારી, ધૂતારી, હત્યારી, કાળા કૃત્યની કરવાવાળી, અંતે તારોજ વિજય થયો. આશારૂપી માળા આ પહાડી પ્રદેશમાં અંત્યારે તૂટી, અને તેના મણકા આ ભયંકર ચેહની આસપાસ વેરાઇ જવા લાગ્યા, તો એ હજુ તારા મનની તૃપ્તી થઇ નહી, આહા? ભુંડી તું વિચાર કર, હું કોણ, કોની પુત્રી કયાં મારી માતૃ ભૂમિ, અને આ ભયંકર અજાણ

પ્રદેશ ? મારા જીવીતમાં આ કેટલો ફેરફાર ? કસબી ગલીચાપર રમણ કરતી આ વિરબાળાની અત્યારે તેં શી દશા કરી મુકી છે, તેનો તું વિચાર કર. તોલ કર, મનનકર, અને મારી સ્થિતિપર દયાકર -વિધાતા તારે આધિન છું. વિધાતા અંતે તેં તારૂં ધાર્યું કર્યું છે, હવે કશું સુખ મારીકને રહ્યું નથી. મારૂં સર્વસ્વ ગયું છે, મારી ભૂલો માફ કર, મને પડેલી શંકાનુ નિવારણ કર--મને જવાબ આપ--કે આ કયા વીરની લાસ અગ્નિકુંડમાં અર્ધ દગ્ધ થયલી છે ? અફસોસ ? ઠગારી, તારૂં મન કદી પીગળનાર નથી. તારી મદદની આશા મૃગજળ સમ છે, મારી ખાત્રી થાય છે. ગમે તેમ છે, પણ આ તેજ પુરૂષની લાસ છે, કે જેના પ્રેમરૂપ રજ્જુએ કરી આકર્ષાઇ હું ભવ્ય ભવાટવીમાં ભાન ભૂલી, ભટકી, ભૂમિના ભયંકર ભાગમાં ભયંકર રાત્રીએ ભયંકર ભોગને ભાળતી ઉભી છું. ભવિષ્યનું ધારેલું સુખ ધૂળ મળ્યું છે, જીવીત બાજી ખેલવાનો આધાર નષ્ટ થયો છે. ભયંકર ભૂલ માટે પશ્ચાતાપ કરવો તે હવે ફોકટ છે. આહા ? જેને હું ધિક્કારતી હતી એવા તે

ભયંકર રાત્રીના છુપા ભેદમાંજ મારૂં મોત થયું હોત તો, ધન્ય ભાગ્ય માનત. પણ હવે પુરી ફસાઇ. મારૂ ભવિષ્ય આ અગ્નિ કુંડમાં હોમાયા પછી, હું રખડતી થઇ. આશ્રય રહિત, અનાથ, અશરણ, એક ભીખારણ થઇ. સઘલા સુખો મેં વિસારી જે એક માન્ય રાખ્યું હતું તે પણ હૈવે ખુંચી લીધું, દુઃખનો હવે આરો નથી, **વસંતગઢ** જવું પણ જોખમ ભરેલું છે. **અનંગસેના**, એક પળ પણ ટકવા દે એ સંભવિત નથી. લલીતપુરમાં આશ્રય મળે તેમ નથી. તેમ ત્યાં જવાનો મને હક પણ નથી. એક સ્થાન મારે માટે હજુ **અમરગઢ** છે મારૂં દુઃખ દીલમાં ધરનાર એવો મારો વહાલો **પ્રતાપ** હજુ હયાત હશે, તો તે મને મદદગાર થઇ પડશે, પ્રતાપ ? પ્રતાપ ! ? તારી **શુશિલા** અત્યારે આ કોઇક પહાડની ઉપલી ટોચ પર બળતી ચેહ કને ઉભી રહી આજ ત્રણ વરશે તારા નામનું સ્મરણ કરે છે.

ધવલગીરીની ટોચપર બળતી ચેહ કને ઉભેલી વીરબાળાનું વય ભાગ્યેજ પચીશ વર્ષનું હશે. તેનું અંગ ગૌર હતું, કાળું અમર અને લીલી ચોળી તેનું

પહેરી હતી. હાથમાં હીરાના રાઇફુલ અને ડોકમાં મોટા મોતીની ત્રણ શેરી કંઠી પહેરેલી હતી. અંબોડા ઉપર રત્ન જડીત વેણી બાંધી હતી. તેના ભવ્ય કપાળ ઉપરથી તે કોઇ રાજ બીજ હોય, તેમ સ્પષ્ટ માલમ પડતું હતું તેની નજર બળતા કુંડ ભણી લાગી રહી હતી–થોડી વારે તે બોલી--અપરાજીત, તમો પુત્રિ પ્રત્યે આટલા ઘાતકી કેમ થયા? અનંગસેનાના પ્રપંચે તમારી પુત્રિને તમે છેહ દીધો. ગમે તેમ પણ આજ, તમારી પુત્રિ શુશિલા મહા સંકટમાં ફસાઇ પડી છે. તમારી પુત્રિએ સર્વસ્વ ગુમાવી દીધું છે. અપરાજીત, તમારી તનુજા આજ પોતાનો ભોગ આપવા તૈયાર થાય છે. ઓ વહાલા પ્રતાપ? આ શુશિલાને સદાને માટે ભૂલી જજે. વિધાતા હું તારે શરણે છું. તે વીર બાળાએ હવે પોતાની કંચુકીમાંથી એક તીક્ષ્ણ કટાર ખેંચી કાઢી પોતાના હાથમાં પકડી બોલી--વહાલા વીર તમારીજ આપેલી આ સુંદર કટારી આજ આ શુશિલાનો ભોગ લે છે--શુશિલાએ પ્રેમ ખાતર અપાયલી તે પ્રેમ કટારીને એક પ્રેમ ચુંબન કરી પોતાની છાતીમાં ભોકવા ઉગામી.

પણ એટલામાં સણુસણાટ કરતી એક ગોળી તેના માથા ઉપરથી ચાલી જઇ અગ્નિ કુંડમાં થઇ પાસે ના તમાલ વૃક્ષના થડને વીંધી દૂર નીકળી ગઇ. શુશિલા તે ભયંકર અવાજથી ચમકી સ્તબ્ધ થઇ મુર્છા ખાઇ પડી. તેના હાથમાંથી કટાર ભૂમિપર પડી ગઇ; અને બેહોશ થઇ તે કુંડની સન્મુખ ચત્તિ પડી ગઇ. બે પ્રચંડ આકૃતિઓ અંધારામાં પહાડ ની ટોચટીમાંથી ઉઘાડી સમશેર સાથ જોશ ભેર ઉપ ર ચઢી આવી અને કુંડની સમીપથી ઝડપથી પસાર થઇ ગઇ. છેટે જતા અવાજ થયો--ભીમ હું તને કદી છોડીશ નહીં. મારી ગોળી નિષ્ફળ ગઇ છે, પણ આ સમશેર હવે મ્યાનમાં કયારે પેસશે કે જયારે તારા રક્તનો સ્વાદ તે ચાખશે. હું તને હમણાં જ પકડી પાડી રામશરણ પહોંચાડું છું. મારા હાથ માંથી છટકી તું કયાં નાશી જનાર છે. પણ એટલા માં આગળની આકૃતિ છેક દૂર નીકળી ગઇ અને પાછળથી બોલનાર એક મોટા પથ્થર સાથે પછડાઇ ત્રણ ગુલાંટ ખાઇ પર્વતપરથી છેક નીચે ગબડી ગયો.

ભળ પડેલાની દુર્દશા જોઇ આગળ વધી ગયેલો

જરા થોભ્યો, અને જ્યારે પોતાના શત્રુને ખાઇમાં વિલાપ કરતો સાંભળ્યો ત્યારે તેની ખાત્રી થઇ કે હવે હું નિર્ભય છું. પાપીને તેનો બદલો પ્રભુએ આપ્યો છે. એટલા શબ્દો બોલી તે પાછો ફરી જે પથ્થર સાથે તેનો શત્રુ ઠોકરાઇને ગબડી પડ્યો હતો, ત્યાં આગળ આવી તે જરા બેઠો. રાત્રી અંધારી હતી. અને છાતી ફાડી નાંખે એવી વિકાળ વનચરોની ગર્જના ત્યાં સંભળાતી હતી, અધુરામાં વર્ષાૠતુ વીતી ગઇ હતી, છતાં આકાશ એકદમ બાદળથી ઘેરાઇ જઇ ચોગરદમથી વિજળીના ઝળકારા અને ગડગડાટ થવા લાગ્યા અને થોડાજ વખતમાં મુશળધાર મેઘ તૂટી પડ્યો. પથ્થરપરથી પાણીના ધોધો વહેવા લાગ્યા અને તે ઉંડી ખાઇમાં પાણીનો સમુદાય એકઠો થઇ વહેવા લાગ્યો. ખાઇમાં પડેલો પુરૂષ દુઃખથી બુમાટા પાડવા લાગ્યો. અને તે પાણીમાં તણાવા લાગ્યો--મારી પાછળ લાગનાર દુષ્ટને ઓળખવાનું હવે કશું સાધન માલમ પડતું નથી. ખાઇમાં કુદી પડાય તેમ નથી. અને કદાચ તેવું સાહસ હું કરૂં, પણ તેમ કરતાં કદાચ વળી નવા સંકટમાં ફસી--બાકીના શબ્દો

તેના મુખમાંજ રહ્યા અને સણુસણાટ કરતી એક ગોળી તે મોટા પથ્થરના પડખેથી આબાદ દૂર નીકળી ગઇ, જે જોઇ તે ચમકી બોલ્યો--હજુ હું નિર્ભય નથી, અહિંયા વધુ થોભવું ભય ભરેલું છે. આ કંઇક પ્રપંચ બાજી છે. મારી જીંદગી હજુ બચી નથી અગર જો અંધારૂ ઘણું છે અને ઝરમર ઝરમર વરસાદ વરસે છે, માર્ગ સૂઝતો નથી છતાં એકદમ ધવલગિરિ પહોંચી જવું સારૂ. એમ ધારી તે ઉઠયો અને પોતાની સમશેર હાથમાંજ ખુલ્લી રાખી તેણે ધસારાબંધ પર્વતની ટોચપરથી નિચાણમાં ઉતરવા માંડયું, અંધારામાં વારંવાર ઠોકરો ખાતો પણ સંભાળીને ઉતર્યો જતો હતો. થોડેક આગળ વધ્યા પછી અંધારામાં તેની સાથે એક કાળી આકૃતિ અથડાઇ પણ તેની દરકાર રાખ્યા વગર, પોતાની સમશેરનો ઘા તેના પર કરી તે તાકીદે અગાડી વધી, એક ઘોડા કને આવી તે પર સ્વાર થઇ ઘોડાને પૂર જોરમાં ધવલગિરિ તરફ હંકારી મૂકયો.

પ્રકરણ ૨ જું

કિશોરનું હરણ

વિજયસિંહ મહારાજના દરબારમાં દિવાળીના શુભ દિવસે જ્યારે રાગતાન થઇ રહયાં હતાં તેજ દિવસે અને તેજ વખતે લલીતપુરમાં હાહાકાર વર્તી રહયો હતો. એક નહીં, બે નહીં, ત્રણ નહીં, અને એક સામટા સાત ખૂનો તે દિવસે થયાં હતાં પ્રજા ત્રાહે ત્રાહે પોકારી રહી હતી અને સઘળાને દિવાળીનો મંગળ સૂચક દિવસ અકારો અને અપ્રિય થઇ પડયો હતો. ખુશાલી નાબુદ થઇ હતી, અને સઘળા બાપડા સઉ સઉના મકાનમાં ઘર કુકડા થઇ એકઠા બેશી ધ્રૂજતા, ધ્રૂજતા ખૂનોની હકીકત વિષે ચર્ચા કરતા હતા. દિવાળીના શુભ પ્રસંગે ભોજન કરવા આગળથી કરી રાખેલી ગોઠવણો બધી ધૂળ મળી ગઇ હતી. અને મનુષ્યની ભૂલે, બિલાડી અને ઉંદરને તાલ પડી હતી. ખૂનના ત્રાસે લલીતપુરની પ્રજાના હોંશકોશ ઉડી

ગાય હતા, તો જમવા પર તે કયાંથી ચિત્ત ચોંટે ? સ્વ ભાવથીજ બ્હીકણુ એવી સ્ત્રીઓ ભયના ત્રાસે અનેક ભૂલો કરતી, અને તેનો લાભ બિલાડીઓ લેતી. ખરી દિવાળી તેઓને ફળી હતી. અનેક જાતના મિષ્ટાન્ન નો એક સામટો સ્વાદ ઉડાવવાનો, તેઓને આ એક અવસર પ્રભુએ આપ્યો હતો. નાનાં છોકરા માતા પીતા ની સોડમાં ચંપાઇને ભરાઇ ગયા હતા. બજારો, ચોટાઓ સહુ ઉજડ પડયા હતા અને દિવાળી જેવા શુભ ટાંકણે શહેરનાં જાહેર માર્ગે પણ કોઇ ફરકતુ નહોતુ. દરબારમાં, અગર જો દિવાળીનો શુભ દિવસ હતો, છતાં સઘળે અંધકાર વ્યાપી રહતો હતો **શાન્તિ ભૂવન** મહેલ, શોકરૂપ કાળા વસ્ત્ર ધારણ કરી જાણે ઉભો હોય તેવો દેખાવ દ્રષ્ટિગોચર થતો હતો. પુરૂષ અને સ્ત્રીઓના અંતઃકરણથી ઉદ્દભવેલી નિશ્વાસની ઉર્મિઓની જવાળાનો કાળો ધુંઓ, જાણે મહેલનાં દરેક ભાગમાં ઝઝુમી રહયો હોય તેવો ભાસ થતો હતો. મહેલના દરેક દિવાનખાનામાં બીછાવેલા ગાલીચાઓએ આરામમંચોએ, અને ટેબલોએ પણ હમે માલીકના નિ-મકહલાલ છીએ, એમ દાખવવા જાણે પુષ્કળ વિલાપ કી

ધો હોય તેમ તેઓ લદબદ થઇ ગયા હતા. પુરૂષો અને સ્ત્રીઓના અશ્રુ પ્રવાહો તે ઉપર ઠામ ઠામ પડયા-હતા. અને જાણે શાન્તિભૂવન મહેલના છજાં અને છાપરાને ભેદી મેધરાજે અંદર પ્રવેશ કીધો હોય, તેમ સઘળી જગા ભીનાશવાળી થઇ ગઇ હતી, દાસ દાસીઓ શોકાતુર ચહેરે અને સુજેલી આંખે આમ તેમ બેબાકળા થઇ ફરતાં હતાં. ટૂંકમાં આખુ રાજકુટુંબ અને તેને અંગેના સ્ત્રી પુરૂષો સર્વ શોક રૂપ મહાસાગરમાં ડૂબકી ખાતા હતા. લલીતપુરની કીર્તિરૂપ યુવરાજ કિશોરનું ખૂનીઓ કાળીચૌદશને દિવસે હરણ કરી ગયા હતા. ઘણી શોધખોળ રાજા રામપાળે કરાવી, પણ સઘળે સ્થળેથી નિરાશા શિવાય અન્ય કશું પ્રાપ્ત થયું નહીં. હજારો સુભટો લલીતપુરને ખૂણે ખાંચરે અને લલીતપુરથી દશવીશ અને પચીશ કોશ ઉપરની તમામ જગ્યાએ તપાશી વળ્યા છતાં, કશો પત્તો લાગ્યો નહીં. લલીતપુરના રાજય કુટુંબની આ મુખ્ય ગમગિની હતી. અને તેને અંગે બીજા સાત જુદા જુદાં ખૂનો પણ તેજ દિવસે અને રાત્રીએ થયાં હતાં

તેમાં ત્રણની લાશ શહેરમાંથી, બેની લલીતપુરની છાવણીમાંથી, અને એકની નદીમાંથી મળી આવી હતી, ત્યારે એકનો હજુ પ-તો લાગ્યો નહતો. સાત ખૂનોમાં બે ખૂનો, કુમાર સાથ રાજ્યબાગમાં ગયલી અનુચરીઓના હતાં, એક નગરશેઠના કુટુંબના માણસનું, અને બાકીના બે લશ્કરી માણસોના હતાં. આ હેવાલ પ્રગટ થતાં શહેરમાં હાહાકાર વર્તી રહ્યો, અને બજારની દુકાનો બંધ થઇ હડતાલ પડી. સૌ કોઇ પોત પોતાના જીવના બચાવ માટે મકાનોમાં ભરાઇ ગયા હતા. દિવાળીના શુભ દિવસની પ્રભાત એમને એમ શોકમાં પસાર થઇ મધ્યાન્હ સમય થયો- શાન્તિભૂવન મહેલના ત્રીજા દિવાનખાનામાં આરામ મંચપર બેભાનાવસ્થામાં એક સ્ત્રી પડી હતી. તેના શરીરની પ્રકૃતિ છેકજ બેભાન થઇ હતી. ત્રણ ચાર દાસીઓ તેને વાયરો ઢોળતી હતી અને બે ત્રણ અમુક ઔષધીના મુળી આ ઘસતી હતી.

લીલા બ્હેન, હવે જે બન્યું, તે ન બન્યું થનાર નથી, પણ દેવીને રેપ્રભુ કને જલદી ચેતન

આવે. મહારાજ હજુ આવ્યા નહીં, અને તેમની ગેરહાજરીમાં આપણને કાંઇ સમજ પડતી નથી. દેવીની પ્રકૃતિ મને બરાબર લાગતી નથી, તો હવે તેમના વગર આપણ સ્ત્રી જાતિ તે બીજા કયા ઉપાયો લઇએ. બહેન તમે જરા મંચ ઉપર બેસી દેવીનું મસ્તક તમારા ખોળામાં મુકો તો ઠીક—

ચંપક, વિલંબનો વખત નથી. જુવો દેવીના નેત્ર સ્થંભી ગયલા લાગે છે. લીલા બહેન એમનું મસ્તક ખોળામાં લઇ એમના નેત્ર દાબો, અને આ શિતળ લેપ લાવો, હું તેપર ચોપડું-રંભાએ કહ્યું.

લીલાએ આરામ મંચપર બેસી દેવીનુ મસ્તક પોતાના ખોળામાં લીધું. દેવીનું મુખ જોઇ તે ગાભરી બની, અને કોઇ પુરૂષની મદદ મેળવવા બુમો પાડી. પા કલાક, અરધો કલાક, અને આખો એક કલાક વીતી ગયો, પણ કોઇની મદદ આવી લાગી નહીં. મહારાજને શોધવા ચંપક અને વિષ્ણુ નામની દાસીઓ દોડી ગઇ. અને દીવાનખાનામાં ઘડીક શોર બકોર મચી રહ્યો.

લીલા બહેન ગભરાવાનું કાંઇ કારણ નથી. એમના હસ્તપરથી, એમની નાડીમાં હજુ કોઇ ખરાબ ચિન્હ નથી. ભારે શોકના ભારે ફરી એમની છાતી બીડાઇને અવાચક થઇ પડયાં છે. માટે ગભરાવાનું કારણ નથી. પણ તાકીદે ઉપાયો લેવા. ઘણાઓ એમ ત્રણ દિવસ લગી પડી રહે છે. અને પ્રભુ કૃપાએ પાછા ઉઠી બેઠાં થાય છે, સો આ ઔષધિનો લેપ એમના કપાળે કરો, બ્હેન ઇશ્વર કરશે તો સર્વ સારા વાનાં થશે.

લીલાએ રંભાના હાથમાંથી લેપ લઇ દેવીના મસ્તક ઉપર ચોપડયો. અને **રંભા** પવન નાંખવા લાગી. એટલામાં **કુસુમ** નામની એક દાસીએ દિવાનખાનામાં દોડી આવી ખબર આપી કે ગજબ થયો છે, **બંશીધર** ચોકશીનું ખૂન હમણા જ થયું છે. અને તે ખૂનની તપાસ કરી મહારાજ ખાનગી દરબાર ભરી કાંઇ સંકેત કરવા દરબારીઓ સાથે ગયા છે. **પુરણમલે** હામ બીડી છે, અને ૨૪ કલાકમાં ખુનીને પકડી આપવા બીડું ઝડપ્યું છે. શહેરની આસપાસ ચોકી પહેરા

મુકયા છે, અને ચકલે ચકલે સિપાઇઓની ટુકડીઓ મુકી દીધી છે. એક જાસુસને ધવલગિરિ વિદાય કરી **વિજયસિંહને** મદદ માટે પેગામ મોકલ્યો છે.

કુસુમ જરા આસ્તે બોલ મુવો ખુની, મુવો કારમો દૈત્ય, જાહેર પડી ગમે તે માંગણી કરતો હોય તો તેનો નીકાલ થાય. પણ હવે તો કાળો કેર વર્તી રહયો—બહેન **કુસુમ** જરા આમ જોતો, આ **દેવીનો દયાયુકત ચિતાર,** હમેતો મહારાજની ગેરહાજરીમાં ઘણા ગભરાઇએ છીએ.

કુસુમે દેવી કને જઇ અશ્રુ ભરી આંખે નીચા વળી તેમના કપાળે **હાથ** ફેરવ્યો. **કુસુમના** એક બે અશ્રુ બિંદુઓ, અનાયાસે દેવીના મુખ સમીપ પડયાં. આશ્ચર્ય વચ્ચે દેવીએ મીંચેલા ચક્ષુઓ ઉઘાડી ડગમગાવ્યાં. અને એક ધીમી અવાચી લીધી. **લીલાએ** દેવીને કપાળે હાથ ફેરવતાં આસ્તેથી પુછ્યું—માતુશ્રી આપને કેમ છે?—કુમાર, કુમાર, મારો પ્યારો કિશોર—એટલા ધીમા શબ્દો બોલી દેવીએ પાછી આંખ મીંચી.

કુસુમ (લીલાએ કહયું) તારી પાસેતો જાદુ છે ને બ્હેન, તારી ઓળખતો સાચી ઠરી.

હા, **લીલા** (કુસુમે કહયું) ગભરાવાનું કાંઇ નથી. હુંજરા સુંઠ લાવીને, નળીઆમાં ઘસી તેનો ઝીણો ભુકો એમને કપાળે, છાતીએ, પગના તળીઆએ, અને મસ્તક ઉપર ઘસુંછું. જુવો પછી ચમત્કાર સહેજવારમાં દેવી હોંશીઆર થશે. આ જેએમની છાતીએ ગુંચવણ છે. તે એમનું મન કુમારના ગુમ થવાથી રૂંધાઇ ગયું છે. થોડુંક મોટેથી જો એઓ રૂદન કરેકની તો હમણાંજ બહેન છાતી ખુલી જાય.

જા, ત્યારે (લીલાએ કહ્યું) તું સુંઠ લાવીને ઘસ. આપણે તારો ઉપાય અજમાવીએ.

કુસુમ થોડીવારમાં સુંઠનો ભુકો કરી લાવી અને દેવીના નખો ઉપર, કપાળે, છાતીએ અને પગના તળીએ તે આસતે આસતે ઘસ્યો. એક દાસીએ સગડી તૈયાર કરી તેના ઉપર વાદળી ધરી તેનો શેક કરવા માંડયો.

કુસુમ, લીલા, રંભા અને બીજી દાસીઓની ઇંતેજારી વચ્ચે **દુર્ગાદેવીએ** બીડેલાં ચક્ષુઓ ખો·

હ્યાં. અને ટગર ટગર દીવાનખાનાની ઉપલી છાજ ભણી જોવા માંડયું. સુંઠની ગરમીએ કરી તેમને વધારે ચેતન આવવા લાગ્યું અને ધ્રાસકાથી બીડાયલી તેમની છાતી જરા ખુલી. **લીલા**એ દેવીનું મસ્તક ખોળામાંથી ખસેડયું—એટલે દાસીઓ ઘડીક આનંદ પામી—"**કુસુમ**, મારો કુમાર કયાં ગયો હાય? હાય?? હવે હું નમેરી થઇ નાથને શું મુખ બતાવીશ. ભવિષ્યની મારી સઘળી આશાઓ આજ નષ્ટ થઇ. હું વાંઝણી થઇ. અરે હાય દૈવ આ ગોઝારી **દુર્ગાને** તું હવે જલદીથી ઉપાડી લે. હાય, નફટ પ્રાણ,—નમેરા—થઇ—શા માટે—તમે હજુ આ દેહથી—વિરક્ત થયા નથી. લીલા, મારો, કુમાર—કુમાર—હાય—કિશોર—તું કયાં ગુમ થયો? ભાગ્યશાળી જનુનિને હિણભાગ્ય બનાવી, અરરે તું કયાં જઇ વસ્યો? **વિરમલ** અરે ઓ ચંડાળ કુસુમવત્ કિશોરપર ઘા કરતાં તારો પ્રચંડ હસ્ત કેમ ઉપડશે. અરે ઓ દૈત્ય, રાજ્યલોભી, તારા પાપો કયે દિવસે, અને કયે ભવે ટળશે, રોમરોમ નર્કના અધિકારી, પ્રભુથી ડર નાહક ખૂન નાકર-લલિતપુરની રંક પ્રજાને વધુ ના રંજાડ,

માતુશ્રી, શાન્ત થાઓ-પ્રભુ કૃપાએ કુમારની શોધ ચાલુ છે, અને ફરી ભેટો થશે એમ આશા છે-કુસુમે કહ્યું.

ભેટો, ફરી ભેટો, કુસુમ, મારૂં મન તે માન્ય કરતું નથી. કિશોર? કિશોર ? ? તારા પગોની રજ આ શાન્તિભુવનના સુંદર ગાલીચાઓપર પડતી હું જોઉં, એમ હવે ફરી ક્યારે બને? કુસુમ, મિથ્યા આશા અને ખોટા તરંગો? કિશોર હાય, તે હવે મારા હાથમાંથી ગયો છટકી ગયો, ફરી નમળવાની પ્રતિજ્ઞા કરી ગયો, હાય લલિતપુરની કીર્તિને નષ્ટ કરી ગયો, ઉડી ગયો, ગુમ થયો-લીલા-મને હવે દુઃખી ન કરો-મને ખોટી ન ભમાવો, અરે મને સત્ય કહો, શા માટે અચકાઓ છો-મને સ્પષ્ટ કહી દો-હાય, તે ગુમ થયો નથી, પણ ખરેખર તેનું ખૂનજ થયું છે-ખુન? ખૂન?? ખૂન ? ? ? અફસોસ? મારૂ આનંદી ગુલાબ ભયંકર રાત્રીના છુપા ભેદને શરણ થઇ કરમાઇ ગયું છે.

પ્રકરણ ૩

ભૈરવગઢનું થાણું.

ધવલગિરિની સાંકડી ખીણમાંથી એક ઘોડેસ્વાર પોતાનો ઘોડો પુર જોસમાં હંકારી જતો હતો, તેના ઘોડાની ચાલપરથી માલમ પડતું હતું કે તે કાંઇ અગત્યના કામ માટે રસ્તો કાપતો હતો. તેના પહેરવેશપરથી, તે કોઇ હીંદુ કરતાં મુસલમાન ઓલાદનો હોય તેમ માલમ પડતું હતું, તેણે કશબી શેલાનો ફેંટો બાંધ્યો હતો. તેની મુછોએ લાલ રંગ કરેલો હતો. તેની કમરે ચામડાનો પટો હતો, ને તેમાં તીક્ષ્ણ અસિ હોય તેમ લાગતું હતું. તેનો ઘોડો કાબરચીતરો હતો અને તેનાં મોંપર સફેત ચાઠાં પડેલાં હતાં. ધવલગિરિની ખીણમાં આવી લાગ્યા પછી તેણે એક ભયંકર ચીસ સાંભળી અને કોઇના વિલાપનો શોર તેના કાને સંભળાયો, જેથી તેણે પોતાનો ઘોડો ઉભો રાખ્યો, એટલે એ અવાજના બહાર થયા, જે સાંભળી તે સ્તબ્ધ થઇ

બોલી ઉઠયો—વિજયસિંહ મહારાજ હવે પોતાનું થાણું આંહી જલદી બેસાડે તો ઘણું સારૂં–વસંત મહેલનો પાયો નાંખવાનો વિચાર હવે જલદીથી અમલમ મુકાવો જોઇએ.” આટલા શબ્દો બોલી ન રહયો. એટલામાં તો તેના ખભાપર કોઇએ હાથ મુકયો રાત્રીનો પ્રથમ પહોર હતો, છતાં અંધારી રાતે તે ઘોડેસ્વાર તેને ઓળખી શકયો નહીં. ધવલગિરિપર ભમતા ભૂતો છુપા ભમે છે, અને આજ કેટલાંક વર્ષ થયાં ત્યાંથી કરૂણામય સ્વર સંભળાય છે, તે બીનાથી તે જાણીતો હોવાથી, આ વખતે જરા ચોંકયો, પણ વસંતનો છુટકારો કરી ગયા પછી તે વહેમ ખોટો હતો, અને ધવલગિરિપર તેવું કશું નથી. એમ ખાત્ર થઇ હતી, પણ હજુ તેનો સંપૂર્ણ ભેદ ખુલ્યો નથી. તેમ તેની આજ વખતે ખાત્રી થઇ, હજુ તે હાથ મુકનારે તેના ખભાપરથી પોતાનો હાથ ઉંચકી લીધો ન હતો. તે હવે બોલ્યો—“સરદાર બહાદુર વિજયસિંહ મહારાજા ધવલગિરિની ટોચપર વસંત મહેલ બાંધે એમ તમે ઇચ્છો છો. પણ એ તમારો તર્ક કેવળ ખોટો છે. હજારો ભૂતોએ કરી વશાયલા એ

પહાડી પ્રદેશની ટોચપર તે મહેલની હયાતી કદી કાયમ રહેશે નહીં. તેનો પાયો નાંખતા પહેલા હજારો વિઘ્ન નડશે. મારા બહાદુર સરદાર લો ચાલો મારી સાથે અત્યારે તમારાથી આ હદ ઓળંગી જવાશે નહીં.

આ વાસ્તે નહીં, મારે અગત્યના કામ પ્રસંગે **લલીતપુર** જવું છે.

લલીતપુર જાઓ કે તમારી ઇચ્છા હોય ત્યાં જાઓ પણ અત્યારે તમારાથી આ હદની બહાર પગ મુકાશે નહીં. વધુ વાત હું સાંભવા માંગતો નથી. મુંગા મુંગા મારી સાથે ચાલો.

તમારી સત્તા નથી કે તમે મને રોકી શકો સરદાર બહાદુર **વિજયસિંહ** મહારાજના હુકમથી હું જાહેર કરૂં છું કે, તમો મને તેમના સોંપેલા કામમાં ખલેલ કરી રોકી રાખશો તો પરિણામ બુરૂં આવશે,

મારી સાથે તમારે થાણામાં આવવુંજ પડશે, નહીં તો તમને જબરાઇથી લઇ જવામાં આવશે. ચાલો ઉપાડો પગ, મારા હુકમનું અપમાન થવું ન જોઇએ. નહીં તો તમારા શિરની સલામતી નથી.

મારા શિરની સલામતી—મને રોકનાર

એવાતે તમે કયા વિર પુરૂષ છો ? એમ કહીને તે ઘોડેસ્વારે પોતાના કમરપટામાંથી સમશેર ખેંચી તે પ્રચંડ આકૃતિના પુરૂષપર ઉગામી, પણ એટલામાં દશ બાર કાળા પોશાકવાળી આકૃતીઓએ તે ઘોડેસ્વારની આસપાસ વીંટળાઇ વળી તેને જકરબંધ કરી લીધો.

તમારૂં ધડ હવે મારી દયાપર લટકેલું છે. હું ધારૂં તો અત્યારેજ તમોને રામશરણ પહોંચાડી દઉં, પણ નહીં **વિજયસિંહ** મહારાજના નામ ખાતર તમારી સાથે એવી વર્તણુક હમારાથી ચલાવી શકાય નહીં, તમારા ભલા ખાતર મેં તમોને અત્યારે આ ભયકર હદ પસાર નહીં કરવા અટકાવ્યા હતા. સબબ ગઇ રાત્રીએ ત્રણ ખૂનો આગલી હદમાં થયાં હતાં અને તેથીજ મહારાજ કેદારેશ્વરે અમને અત્રેથી પસાર થતા વટેમાર્ગુઓને રોકી રાખવા હુકમ આપેલો છે. હવે ચાલો મારી સાથે તમોને કશું અપમાન ત્યાં થશે નહીં સૂર્યોદય થતા તમે **લલીતપુર** ભણી ખુશીથી ચાલ્યા જજો, તે બાબતમાં તમોને અટકાવ નાંખવાને હમારે કાંઇ પ્રયોજન નથી.

ત્યારે તમે શું કેદારેશ્વરના ચોકીદાર છો ?

હા. આ નજીકમાંજ અમારૂં કામ ચલાઉ થાણુ છે. કદાચ તમે હમારી સરત ચુકાવી અગાડી જાત, તો બીજે મુકામે તમોને રોકત, કારણ લલીતપુરમાં જે કાળો કેર વર્તી રહ્યો છે અને દરરોજ કમકમાટ ખૂનો થાય છે તેથી ઘણા લોક અમારા રાજ્યમાં આવી વસવા લાગ્યા છે. અને તેમની સલામતી ખાતર મહારાજ શ્રીએ રાત્રીને વખતે કોઇ પણ મુસાફરને રાજ્યની હદમાંથી પસાર ન થવા દેવાને અમને સૂચના આપી છે. પરરાજ્યનું જે માણસ અમારી હદમાંથી પસાર થાય છે તેની નોંધ અમારી કને રહે છે. અને તે નોંધ દર અઠવાડીએ મહારાજ સાહેબ તપાસી લે છે.

ઘોડેસ્વારનો ક્રોધ હવે શાન્ત પડી ગયો, એટલે તેને બાંધેલા બંધથી છૂટો કરી તેઓ સઘળા માર્ગ કાપી એક નાની ઝુંપડી આગળ આવી લાગ્યા, તે ચોકીદારે તેનાં બારણા ઉઘાડયાં અને ઘોડેસ્વારને અંદર દાખલ કીધો. એક ભાંગો તૂટો ખાટલો બતાવી તે ચોકીદાર બોલ્યો- સરદાર સાહેબ તમોને મારા તરફથી અપમાન થયુ હોય તો માફ કરશો. કારણ અમારે માલીકના હુકમ પ્રમાણે વર્તવું જોઇએ પાછલી રાત્રીના પાંચના અમલે

તમે અત્રેથી નીકળશો તો અમોને કાંઇ હરકત નથી. લો હું દીવો કરૂં છું, કારણ મારે તમારૂં નામ નોંધ પોથીમાં નોંધવું પડશે. એટલો વખત તમે ખાટલાપર બેસો, પછી નિરાંતે સુઇ જજો.

ઘોડેસ્વાર તે ખાટલાપર બેઠો અને એક ભાંગુ તૂટું સ્ટુલ એક ખુણામાં પડેલું હતું તે ખસેડી ખાટલા કને લાવીને તે ચોકીદાર પણ તેપર બેઠો. ચામડાંના પાકીટમાંથી એક નાની સંરખી નોંધપોથી કાઢી તેના કેટલાક પાના ફેરવી તે બોલ્યો—બોલો સરદાર તમારૂં નામ શું ?

મારૂં નામ સરદાર **અલીમખાં**

અલીમખાં, ઉમર ?

આશરે વરસ ચાલીશ.

જાત ?

પઠાણ.

વતન ?

અરબસ્તાન.

નોકરી ?

ધવલગિરિ.

ક્યાં જનાર છો ?

લલીતપુર.

શા હેતુએ ?

તે હું જાહેર કરીશ નહીં.

રહેવા દો. આ મેં નોંધ્યું. "કાંઇક ખાનગી કામ સર"–બસ થયું. હુકમ પ્રમાણે બધા ખાનાં ભરવાં પડેછે.

તમારા મહારાજ રાજ્યનો આટલો બધો પાકો બંદોબસ્ત રાખે છે, તે બીના આજજ મારા જાણવામાં આવી. કમરે બાંધેલો ચામડાનો પટો ઉતારી ખાટલાપર મુકતા તે ઘોડેસ્વાર બોલ્યો.

બેશક ઘણોજ સારો. તે માટે હાલ ખરચ પણ ઘણો વધાર્યો છે. સૈન્યમાં પણ ભરતી કરી છે. આજ કાલ હમારૂં રાજ્ય આબાદ છે. પણ ઉપજ કરતાં ખરચ બહુ વધી પડયો છે. અને કેટલુંક દેવું પણ થયું છે. કારણ હમારા મહારાજ સાહેબને ધવલગીરી જે મોટી ખંડણી મોકલવી પડે છે તેથી ખરચમાં ઘણો વધારો થઇ જાય છે. અધુરામાં નવા રાજ્ય મહેલ પાછળ ધાર્યા કરતા ચાર ઘણા પૈસા ખરચાયા અને તેથી જુનો પડી ભાંગેલો કિલ્લો એક ઠાકોરને તે અંગે

કેટલીક જમીન સાથ વેચી દીધો છે. ઠાકોર મહારાજ શ્રીપર સારી પ્રીતિ રાખે છે અને હાલ નવા ઠરાર પ્રમાણે રાજ્યની ઉપજ ઉઘરાવી લેવાનો હક અમુક રકમ તેમની કને લઇ તેમનેજ સોંપવામાં આવ્યો છે.

ત્યારે તે ઠાકોર ક્યાંના વતની છે ?

તે મને માલમ નથી, કારણ હું લલીતપુરથી થોડાજ વખત થયાં આવી આ રાજ્યમાં રહેલો છું. પણ ઠાકોર સાહેબ સ્વભાવે ઘણા સારા અને મળતાવડા છે. લલીતપુરથી જે બાપડા અત્રે આવે છે. તેઓને પૈસાની મદદ પણ તેઓ કરે છે. લો હવે તમે જરા આરામ કરો, કારણ તમારે વહેલા ઉઠી રસ્તો કાપવાનો છે. તમારી કને કાંઇ જોખમ તો નથી ?

ના તેવું તો કાંઇ નથી.

ત્યારે તો ચિંતા નહીં—હું દીવો હોલવી નાંખુ છુ, કારણ મને દીવાને અજવાળે ઉંઘ આવતી નથી. ચોકીદારે હવે દીવો હોલવ્યો, અને તે પોતાની પથારીમાં પગ મુકે એટલામાંજ તે ઝુંપડીના બારણા જોરથી ઠોકાયાં જે તેણે ઉઘાડયાં તો પાંચ સાત માણસો ચાદર

ની ઝોળીમાં સુવાડેલા એક પુરૂષને લઇ ઉભલા દેખાયા. જે જોઇ તે બોલ્યો.

આ લોથ વળી કયાંથી ઉંચકી લાવ્યા?

પહાડની તળેટીમાં બેભાનાવસ્થામાં પડેલો હતો ત્યાંથી હમે એને ઉંચકી લાવ્યા છીએ. બત્તીને અજવાળે જોયું તો તેની ગરદનપર ઘા થયો હતો, અને પુષ્કળ રકત વહી જવાથી તે બેહોસ થયો હતો. એક લાંબા જાડા કદાવર સીપાઈએ, કોઇક વનસ્પતિના મુળીઆ પોતાના ફેંટામાંથી કાઢી કહયું લો સરદાર સાહેબ આ ઘસીને એના ઘા પર ચોપડો, હમણા રકત વહેતું બંધ થઇ ચેતન આવશે. પણ આજવખતે ઝુંપડીની બહારથી એક કદાવર પુરૂપ હાંફતો હાંફતો અંદર ધસી આવી બોલ્યો—સરદાર સાહેબ ઉતાવળ કરો, બહાદુર માતાદીનની જીંદગી જોખમમાં આવી પડી છે. જેની પુંઠ પકડવા આપના હુકમથી અમે ગયા હતા, તે માતાદીનને ઘાયલ કરી ખીણમાં ગબડાવી પાડી અમારા હાથમાંથી છટકી ગયો છે.

શું? આપણો માતાદીન?? અરે તે બહાદુર માતાદીન??? ચાલો ઉઠો, તેની જીંદગી આપણે બચાવીએ.

ઝુંપડીમાંનો ચોકીદાર અને તેની સાથેના સઘ
ળા એકદમ હવે ઝુંપડીની બહાર ગયા, ઝુંપડીના પાછ-
લા ભાગમાં લોખંડના બખતરો અને ઘોડાના હુંકારા
ના અવાજથી માલમ પડતું હતું કે તેઓ સઘળા
હથિયાર સજી ઘોડાપર સ્વારી કરતા હતા. થોડીજ
પળો વચમાં વીતી ગઇ નહીં, ત્યાર પહેલા તેઓ તૈયા
ર થઇ રહયા, અને તે બાતમીદારને આધારે ઝુંપડી
કનેથી રસ્તો કાપી ગયા.

પ્રકરણ ૪

ભૈરવગઢનું રાજ્ય વૃ-તાંત

ધવલગિરી અને **લલીતપુરના** રાજ્યની વ-
ચ્ચે **ભૈરવગઢનું** રાજ્ય આવેલું હતું, અને તેના
ઉપર મહારાણા **કેદારેશ્વરની** આણ વર્તાતી હતી.
કેદારેશ્વરની નીતિ રીતિ બહુજ ઉ-તમ પ્રકારની
હતી. પટરાણી **ગુલાબ સુંદરી** તેમના નામ પ્રમાણે

બહુ પ્રમાણિક અને મળતાવડાં હતાં. ભૈરવગઢમાં એક અનાથાશ્રમ તેઓએ ખોલ્યું હતું, અને તેનો વહીવટ પોતે કરતાં હતાં. ગરીબોને આશ્રય આપવા તેઓ કોઇ દિવસ પાછી પાની કરતાં નહીં. પતિ પ્રિયા વચ્ચે અનહદ પ્યાર હતો, **ગુલાબ સુંદરીનો** બોલ મહારાજ કદાપિ ઉથાપતા નહીં, તેમ પટરાણી પતિના બોલને સર્વદા વધાવી લેતી. રાજ્યમાં સઘળે શાન્તિ પસરી રહી હતી. ખેડૂતો સુખી અને તવંગર હતા. જે દેશમાં ખે-ડૂતની દશા સારી હોય, તેજ દેશ સુખ અને સંપ તિનું સ્થાન ગણાય. **ભૈરવગઢની** રાજ્ય સ્થિતિ જે આબાદ ગણાતી હતી. તેનું મુખ્યકારણ પણ તેજ હતું. ભૈરવગઢની સારી સ્થિતિ થવાનું એક બીજું પણ ખાસ કારણ હતું. તે એકે **કેદારેશ્વરની** રજા વગર કોઇથી સારા સારા ખરચ વરા પણ થઇ શકે નહીં. અમુક માણસ કેવી સ્થિતિમાં છે તેની નોંધ દફતરે રહેતી, અને તે અનુસાર મહારાજ અમુક પ્રસંગે આટલોજ ખરચ કરવો એવો હુકમ આપતા હતા. સ્ત્રી કેળવણી પણ ઘણી હતી. ધર્મપુસ્તકો

વાંચવાનો વહેવાર ભૈરવગઢમાં પુશ્કળ હતા અને ધર્મપર પાકી શ્રધ્ધાવાળા તે રાજ્યમાં દેવ મંદીરો પણ પુષ્કળ આવેલાં હતાં. દરેક દેવસ્થાનને ધાર્મિક મદદ ગુલાબ સુંદરી તરફથી મળતી. અને તેનાં વહીવટપર પટરાણીની દેખરેખ રહેતી, મહારાજા કેદારેશ્વરનું રાજ્ય તેના સારા વહીવટ માટે વખણાતું હતું તેમાં ગુલાબ સુંદરીની બુધ્ધિનો ભાગ હતો આ ખરચ, આવકના પ્રમાણમાં જરા વધારે હતો. ભોગ જોગે બે ત્રણ વરસ વરસાદની તાણના વચમાં જવાથી મહારાજશ્રીએ ભોંયપર જે થોડું ઘણુ મહેસુલ રાજ્યનું લેવાતું હતું, તેપણ માફ કરી દીધું એટલે ખજાનો ખાલી થઇ ગયો હતો. પણ જ્યાર થી ઉદયગિરિના ઠાકોરને રાજ્યની કેટલીક ભોંય વેચાતી તથા કેટલીક પટે આપી, તે ઉપરાંત જુનો કિલ્લો, જે રાજ્યથી થોડે દૂર હાલ હવાલ જેવો થઇ પડયો હતો, તે વંશપરંપરા માટે વેચાણ કરી આપ્યો હતો, કે જે માટે ઠાકોરે પુષ્કળ પૈસા મહારાજશ્રીને આપ્યા હતા તેથી હાલ એ ઠાકોરની મદદે કેદારેશ્વરનો ખજાનો પાછો તાજો થયો હતો.

ઉદયગીરીના ઠાકોરે તે જુનો કિલ્લો પાછળથી કેટ લોક ફેરફાર કરી સમરાવ્યો હતો. પણ જે ઉમંગે તેઓએ તે તૈયાર કરાવ્યો, તે ઉમંગ સફળ થયો ન હતો. કારણ જોતિષીઓએ તે માટે એવો વર્તારો કાઢયો કે કિલ્લાનો અસલ પાયો એવા ચોઘડીયામાં નંખાયો છે કે જો તેનો માલીક લાગલગાટ એક માસને દસ રાત્રી તેમાં મુકામ કરે, તો તેને પુત્ર પ્રાપ્તિ ન થાય અને સંતતિ સુખ હોય તેપણ નાશ પામે. આથી **ઉદયગિરિના** ઠાકોર તેમાં જાથુકના વસતા ન હતા. તેઓનો કેટલોક સામાન અને ખજા નો તેમાં રહેતો હતો. અને પોતે **ઉદયગિરિની** પાસે **નંદીદુર્ગ** કરી પોતાનો બીજો કિલ્લો હતો તેમાં રહેતા હતા તેઓનું કુટુંબ પણ, ત્યાંજ રહેતું હતું. ઠાકોરના કુટુંબમાં થોડા સમયથી રાજ્ય માટે ટંટો ચાલતો હતો, અને તેજ કારણે તેઓને **ભૈરવગઢનો** આ-શ્રય લેવાની જરૂર પડી હતી. કેદારેશ્વર તેઓને સારૂં માન આપતા હતા. ઠાકોર ઘણા મળતાવડા, હસમુખા અને ઉમરે લગભગ ચાલીશની ભરતીના હતા. શરીરનો બાંધો મજબૂત અને તેઓના બાહુ

તેઓને બાહુબળીના નામથી ઓળખાણુ કરાવતા હતા. ભવ્યકપાળપર ત્રણુ સીધી લીટી કરચલીવાળી આડી દેખાતી હતી, કે જે માટે ગુલાબ સુંદરી તેઓના બહુ વખાણુ કરી કહેતાં હતાં કે આ શુભ ચિન્હ જે તમારે કપાળે છે તેથી તમે લક્ષ્મીવાન, અને યુધ્ધ ભૂમિમાં એકલે હસ્તે સો જણુને હંફાવી શકો, વળી એનું ફળ બીજી રીતે તમો પ્રપંચ વિદ્યામાં પુરા હોવા જોઇએ. અને તર્ક શાસ્ત્રમાં નિપુણ હોવા જોઇએ.

ઉદયગિરિના ઠાકોરનો મુકામ હાલ ભૈરવઢમાં જ હતો. અને મહારાજ કેદારેશ્વરની વર્ષગાંઠ હોવાથી તેઓ નવા બંધાવેલા રાજ્યમહેલમાં આવ્યા હતા. એક મોટા દીવાનખાનામાં ગુલાબ સુંદરી મહારાજશ્રી, અને તેઓ, વાત કરતા બેઠા હતા. થોડીવારે ગુલાબ બોલી ઠાકોર, ત્યારે હવે ધવલ ગિરિની ખંડણી માટે શો ઠરાવ કીધો, તમે સરદાર બહાદુર વિજયસિંહ મહારાજની મુલાકાતે હવે ક્યારે જવાનો ઇરાદો રાખો છો? જે તે નીકાલ

હવે તાકીદે કરી લેવો જોઇએ કારણ હવે મુદતને માત્ર થોડાંજ અઠવાડિયાં છે.

બહેન, તે માટે તમારે ચિંતા શી છે. ર તેમની સાથે એવા કરાર કરનાર છું કે ભૈરવગઢની ખંડણી જો માફ કરવામાં આવે તો તે માટે એક સામટી રકમ હું તમોને ભરવા તૈયાર છું અને તે બદલ ભૈરવગઢની કેટલીક જમીન અને ઇમારતો અમારા કબજામાં છે, તે તમારે વંશપરંપરા અમારે સ્વાધીન કરવાની છે. આમ થવાથી ઉભય પક્ષે સઘળાને લાભ છે, ભૈરવગઢ એ ખંડણી ભરતાં નીચવાઇ જાય છે, તેનો પણ ઉપલા કરારે કરી અટકાવ થશે.

હા, તે તો તમારૂં કહેવું વાસ્તવિક છે પણ તમે આ ગુલાબને બહેન કરી બોલાવો છો. તો તે બદલ મારે તમારી પાસે એક બહેન તરીકે ત્યારે હવે શું માંગી લેવું તે કહો ?

જે તમારી ઇચ્છામાં આવે તે, તમારી માંગણી નો અસ્વિકાર આ વૈરસિંહ કરે એમ શું તમે

અનુમાન કરી શકો છો ?

ના તેમ તો નહીં.

ત્યારે

આપણને શી ન્યૂનતા છે, દેવી એવી હલકી માંગણી તમારાથી ન થાય–કેદારેશ્વરે કહ્યું.

ગુલાબ બહેન આજ મહારાજશ્રીનો જન્મ દિવસ છે અને તે પ્રસંગે મારે આજ કાંઇ પણ તમોને આપવું જોઇએ. એમ ધારી, તે હું સાથેજ લેતો આવ્યો છું. લો બહેન આ જડાવચંદન હાર.

પતિની આજ્ઞા શિવાય તેનો સ્વીકાર મારાથી ન થઇ શકે.

ભલે તમારી ઇચ્છા હોય તો લો.

ઠાકોરે તે હાર ગુલાબસુંદરીને આપ્યો અને હવે રાત્રી ઘણી વીતી જવાથી ઉદયગિરિનો ઠાકોર **ભૈરવગઢનો** રાજ્યમહેલ છોડી ગયો.

પ્રકરણ ૫મું.

વીરબાળા શુશિલા હજુ તે પહાડી પ્રદેશ પરજ ભટકતી હતી. પોતાના હરીફને ધવલગિરિની ટોચપરથી ગબડાવી દેનાર તે વીરપુરૂષ પોતાની સાથે અથડાનાર તે કાળી આકૃત્તિને ઘા કરી ઘોડેસ્વાર થઇ ધવલગિરિના રાજ્યમાં દાખલ થઇ ગયો હતો. ભૈરવગઢનો થાણેદાર પોતાના થાણામાં અલીમખાન અને એક બીજા ઘાયલ થયલા પુરૂષને મુકી પોતાના સાથીઓ સાથે બહાદુર માતાદીન ની શોધ માટે નીકળી ગયો હતો. જે ભયંકર રાત્રીએ ઉપલો બનાવ બન્યો હતો, તે અંતે વીતી ગઇ અને શાન્તીકર શશાંકના કિરણોએ ગૃહમાંના દીવાને ઘાયલ કરી મરણ શરણ કરી દીધા હતા. લલીતપુરના રાજ્યમહેલમાં સળગાવેલી રોશની ઝાંખી થઇ ગઇ હતી દાસદાસીઓ તેનો સમૂળો નાશ કરવા કામે વળગી ગયા હતા. એક મોટા દીવાનખાનામાં છપર પલંગપર પટરાણી દુર્ગાદેવી ભર ઉંઘમાં પડેલી હતી.

મહારાજ રામપાળ તેણીના પડખે બેશા તેમનો દયાયુકત ચિતાર દીનવદને ભાળતા હતા; તેઓના અંતઃકરણમાં અત્યારે અનેક તરંગો ઉછાળા મારી રહયા હતા. તેના ઉભરા તેઓ બહાર ન કાઢતાં પાછા મનમાંજ સમાવી દેતા હતા. મહેલના સઘ-ળા દીપકો બુઝાઇ ગયા હતા. ત્યારે આ ખાનગી દીવાનખાનામાં વચ્ચોવચ્ચ ટાંગેલા ઝુમ્મરમાં હજુ કેટ-લાક ઝાંખા દીવા સળગતા હતા. બારી બારણા બંધ હોવાથી તેનો ઝાંખો પ્રકાશ દુર્ગાદેવીના મુખ-પર પડતો હતો. થોડીવાર સ્તબ્ધ બેઠા પછી રામ-પાળે દુર્ગાદેવીના કપાળપર હાથ મુકયો અને અંબો-ડામાંથી ધસી આવેલા કેટલાક વાળને તેમણે ઉંચા કીધા. વારંવાર હસ્ત ફેરવ્યા છતાં દેવી ભર નિંદ્રા-માં હોવાથી તેની અસર તેમનાપર ન થઇ. થોડીવારે તેઓ બોલ્યા-પ્રભુ તારી ગહન ગતિ ન્યારી છે. મારી ગેરહાજરી અને કુમારના વિયોગે બાપડી આખી રાત્રે તરફડી અંતે અથાગ પરીશ્રમે નિદ્રાને સ્વાધીન થઇ લાગે છે. રાજ્ય અનુચરી ચંપક અને વિષ્ણુના કહેવા પ્રમાણે દેવીનો વિલાપ અનહદ હતો.

કરાઇ ગયલા કુસુમવત કિશોર માટે એણે પ્રાણ કાઢવો બાકી રાખ્યો હશે. અંતે નાચારીએ થાકીને એ આમ સ્તબ્ધ થઇ પડી હશે. પ્રભુ? પ્રભુ?? લલીતપુરના રાજ્યનું આ શું થવા બેઠું છે? રામપાળના શબ્દો દેવીના કર્ણ સાથે અથડાવાથી તેમના મન તરંગો જરા સચેત થયા. જેથી તેઓએ ઉંઘમાં લવવા માંડયું—વહાલા નાથ, હું ગમે તેમ પણ તમારી કને મારો વહાલો કિશોર લઇશ. મારો કિશોર—લીલા—મને

કરૂણા રસથીભરપૂર દેવીની નિદ્રાવશ આકૃતિ હવે વધુવાર રામપાળથી જોવાઇ શકી નહીં. તેઓના ચક્ષુઓમાં અશ્રુ ભરાઇ આવ્યાં જેથી તે રૂમાલ વતી લુછતાં પલંગપરથી નીચે ઉતરી ફેરા ફરવા લાગ્યા. થોડીવારે તેઓએ દીવાનખાનાની બંધ બારી ખોલી, એટલે શશાંકના કિરણોએ અંદર પ્રવેશ કરી દેવીના છપર પલંગપર સીધાં ધસી જઇ શરીરપર ધસારો કીધો, જે જોઇ તેઓ બોલી ઉઠયા અરે આ કિરણો વળી શોક સાગરમાં ડૂબેલી, એવી મારી પ્રિયાને કયાં દુઃખી કરે

છે. અરે ઓ શાન્તિદાતા દેવ, તમે તમારાં તેજ-વંત બાણો પાછાં ખેંચી લો, બાવલ થયલી અને જેની સર્વ શકિત હણાઇ ગઇ છે એવી આ મારી અર્ધાંગનાને વધારે દુ:ખી કરવી એ આચાર દેવકૂળનો ન હોય. સૂર્યના કિરણોના પ્રકાશે કરી દુર્ગાદેવીમાં ચેતન આવ્યું એટલે પાસું ફેરવ્યું. એક પગ ભોંયપર ટેકવી બીજો તેપર ચઢાવી રામપાળ હવે પાછા પલંગપર બેઠા, જમણો હાથ દેવીની કમ્મરપર નાંખીને, બીજો હાથ દેવીના માથા પર ફેરવવા લાગ્યા. હાથના સ્પર્શે કરી દેવી જાગૃત થઇ પતિને જોઇ દીનવદને પોતાના હસ્તે બાથમાં લઇ બોલી --નેત્રમણી. મારો કિશોર, મને લાવી આપો. મારો તે બાળકુમાર મને આપો, નાથ કુમાર વિના મારૂં મન મુઝાય છે. હાય, હાય ! નાથ મારૂં તે રાજ્યબાળ અત્યારે કેવી આપત્તિમાં હશે---દેવીનું દીનવદન ભાળી રામપાળની મુખમુદ્રા ઝંખવાઇ જતાં તેઓના ચક્ષુમાં અશ્રુ ભરાઇ આવ્યાં, અને તેના બિંદુઓ દેવીના ગુલાબી ગાલપર ટપકવા લાગ્યાં. દેવી પલંગપર હવે બેઠી

થઇ, અને પતિની ગરદને બાઝી તેપર અશ્રુ ટપકાવવા લાગી. ગદ્ ગદ્ કંઠે મહારાજે કહયું—દેવી ધૈર્ય ધરો, કુમારની શોધ ચાલુજ છે. ખૂનીઓ, કુસુમવત કિસોપર તીક્ષ્ણ ઘા કદી કરશે નહીં.

નાથ, ત્યારે હું મારા તે વહાલા પુત્રને હવે જલદી કયારે જોઇશ—દેવીના સવાલનો જવાબ મળે તે પહેલાં લીલા દાસીએ કમાડ ઠોકયાં. જે પલંગપરથી ઉઠી મહારાજશ્રીએ ઉઘાડયા એટલે લીલા અંદર આવી બોલી—ઘાયલ થયલા કોઇ રાજબીજની કાન્તિવાળા પુરૂષ, કે જેઓની ગરદનપર સખત ઘા થયલો છે, તેવા પુરૂપની સાથે ધવલગીરીથી કોઇક સરદાર અત્રે આવી લાગેલો છે, અને તેઓ આપ મહારાજશ્રીને મળવા માંગે છે.

ભલે તેમને માન સહિત અત્રે લાવ.

લીલા દાશી ગઇ, અને થોડી પળોમાં, તે સરદાર અને ઘાયલ થયલા યુવાનને દીવાનખાનામાં તેડી લાવી. સરદારને અંદર દાખલ થતો જોઇ મહારાજ બોલી ઉઠયા—આવો હુસેનખાં.

હુસેને નમન કરી એક પત્ર મહારાજશ્રીના હાથમાં આપ્યો, અને હવે તેઓ બંન્ને, મહારાજ શ્રીના આસન આપવાથી તેપર બેઠા.

હુસેનખાં, ત્યારે હમારા સરદાર **ભીમની** મુલાકાત તમારે રસ્તામાં થઇ હશે—દેવી બોલ્યાં.

નહીંજી, તેઓ અમને મળ્યા નથી.

ત્યારે તમે કયે માર્ગે આવ્યા. ? ?

હુસેન જવાબ આપે તે પહેલાં રાજા રામપાળે **ખવલગીરીથી** આવેલો પત્ર વાંચવા માંડયો.

મારા પરમ પ્રિય મિત્ર,

લખવાને ખુશાલી ઉપજે છે કે **વસંત** અને **કેશરી,** મારા ગુમ થયલા રાજ્ય રત્નો મને પાછા મળ્યાં છે. એ બાબતમાં મારે જે કાંઇ ઉપકાર માનવાનો છે તે ફક્ત તમારો અને **હુસેનખાનનો** છે. આગલી સ્ત્રીના સંતાન હયાત છતાં બીજીવાર લગ્ન કરવું એજ, સુખ સંપતિરૂપ વૃક્ષના મૂળ છેદી નાંખવા જેવું છે. રાજયકૂળને આપત્તિરૂપ ચેહમાં સીંચન કરનાર એજ એક મોટા કારણ ભૂત છે. ઘણા

રાજકૂળો, એ બીજીવારના લગ્ને ફરી ખરાબ ખાસતા થઇ અંતે માઠી દશાને પહોંચ્યાં છે. એ બાબતમાં હું હવે તમોને વધારે લખી શકતો નથી. એકવાર બની ગયલા બનાવને તાજો કરવો એ સમજુનું લક્ષણ નહીં. પણ મારે તે અંગે એક ખુશ ખબર આપવાની છે તે એજ કે તમારો કટ્ટો વેરી અને **લલીતપુરના** પ્રજાને પીડનાર, એવો તે તમારો વડીલ બંધુ **વીરમલ**, જેની શોધ માટે તમે હમેશ લાગેલા હતા. તે મારા કબજામાં સપડાવાથી, તેને મેં **ધવલગિરિની** ટોચપર આગન કુંડમાં ઝુકાવી દીધો છે. તે હવે મરણ શરણ થયો છે. એટલે **લલીત-પુરમાં** વર્તાતો કાળો કેર હવે શાન્ત થઇ જશે. આ ખુશ ખબર મેં મારા વિશ્વાસુ કેસેન સાથેત મારીપર મોકલી છે.

વિજયસિંહ

પત્ર વાંચી, તે દેવીના હાથમાં મુકતાં મહા-રાજ બોલ્યા, ત્યારે હવે વીરમલ લલીતપુરનો ખરો ખૂની નહીં, પણ તે તમારા ધારવા પ્રમાણે કોઇ બીજો હોવો જોઇએ. હુસેનખા ત્યારે રાણો **વીરમલ** મૃત્યુ પામ્યો એમાંતો કાંઇ સંદેહ નહીંજ.

હા, નામદાર.

ત્યારે તે બનાવને કેટલા દીવસ થયા ?

ગઇ કાળીચૌદશે. રાત્રે.

ત્યારે કુમાર કિશોરનું હરણ તો હમણાંજ થયું છે.

કુમાર કિશોરનું હરણ ? હુસેન આશ્ચર્ય પામી બોલી ઉઠયો.

હા, અને તે અંગે બીજાં સાત ખૂનો પણ તે દીવસે થયાં છે. વળી ગઇ કાલે પેલા તમારાં ઓાળખવાળા બંસીધર ચોકશીનું પણ ખૂન થયું છે.

ગજબ થયો !

અને તેજ કારણે મેં મારા ભીમને ધવલગિરિ મદદને માટે મોકલ્યો છે.

ભેરવગઢના થાણામાં હમારે થોડોક વખત નછુટકે રોકાવું પડયું હતું, અને ત્યાં આગળ લલીતપુરને, ભાંગોતૂટો વૃત્તાંત હમેં સાંભળ્યો હતો.

તેથીજ ત્યારે અમારા ભીમનો ભેટો તમને ન થયો હશે–દુર્ગાએ કહ્યું.

ત્યારે તમારે, ત્યાં રોકાવાનું શું કારણ, હુસેન ખાં-મહારાજે પુછયું.

કેદારેશ્વરે હાલ, રાત્રીને વખતે કોઇ પણ વટે માર્ગુને પોતાની હદમાંથી પસાર થવા માટે અટકાવ નાંખ્યો છે. મેં ઘણી રકઝીક કરી, પણ થાણાદારે તે માન્ય ન કરી. જેથી મારે તેમના હુકમ પ્રમાણે થાણામાં જવું પડયું હતું. તે થાણેદાર, વળી હદમાંથી પસાર થતાઓની નોંધપોથીમાં નોંધ પણ લે છે. મેં મારૂ ખરૂં નામ છુપાવી ત્યાં સરદાર અલીમખાંન એમ લખાવ્યું છે. થોડો વખત ત્યાં થોભી, હું અને થાણેદાર પથારીમાં જના હતા, એટલામાં આ ઘાયલ થયલા મારા સાથીને ઝોળીમાં કેટલાક માણસો લાવ્યા. અને પછી તરતજ, કોઇ માતાદીન ઘાયલ થયો છે. એમ બુમાટો થવાથી થાણેદાર હમને (એકલાજ) મુકી બીજાઓની સાથે થાણું છોડી ગયો. તેઓના ગયા પછી મારા સાથીએ સૂચના કરી કે અત્રે વધુ રહેવું જોખમ ભરેલું છે. પ્રભાત થતાં નવી આફતનો ભોગ થઇશું. તેથી તેઓના ગયા પછી હમે આ તરફ નીકળી આવ્યા.

હુસેન અને તેના સાથીને દરબારે ઉતારો આપ્યો. અને હવે તેઓ મહારાજની રજા લઇ તે દીવાનખાનું છોડી ગયા.

નાથ જુવો ત્યારે, અંતે મારોજ તર્ક સત્ય ઠર્યોના, રાણો વીરમલ આટલી ઘાતકી વર્તણુક ચલાવે એ કદી સંભવે નહીં. તેમ રાજ્ય છોડી ગયાને વીશ વર્ષ થયાં તેમાં કોઇ વખત પણ તેણે પાછો દેખાવ દીધો નથી. ભયંકર ખૂનો શરૂ થયાને તો ચાર માસજ થવા આવ્યા, તો તે ખૂની કોઇ બીજો જ હોવો જોઇએ. વિરમલ ગમે તેવો હોય પણ પોતાના બન્ધુના રાજ્યની આવી પાયમાલી અને કુમારનું હરણ કદી કરે નહીં.

દેવી વીરમલ વિષે પડેલો શક હવે તો નાબુદજ થયો છે. ભયંકર રાત્રીના છુપા ભેદ અને તેને કોઇ પણ જાતનો સંબંધ નહતો એમ મારી ખાત્રી થાય છે. ત્યારે તો ભયંકર રાત્રીનો છુપો ભેદ ખરેખર ભયંકરજ છે. વિજયસિંહવાળી ટૂકડીઓ આવી લાગે શહેરનો બંદોબસ્ત પાકો થશે, અને

મોટા પાયાપર કુમારની શોધ ચાલુ થઇ શકશે. દેવી તમારાપતિને એ શિવાય એક બીજા મોટા ઉચ્ચાટનુ કારણુ છે. લલીતપુરની પ્રજાને કેદારેશ્વર આશ્રય આપે છે. કેદાર પૈસાની ઘણી તંગીમાં છે. અને તેજ કારણે રાજ્યને કેટલોક ભાગ કોઇ ઠાકોરને વેચી દીધો છે. લલીતપુરના રાજ્યની આવી અવ્યવસ્થિત સ્થિતિ ચાલે છે. તેથી કદાચ તે કાંઇક બહાનું શોધી આપણને પંચાતીમાં ઉતારે તો એક નવી ખટપટ ઉભી થવાનો સંભવ છે.

ભવિષ્યના વિચાર હાલ કરવા ફોકટ છે. કુમાર ની શોધ પુરતા ઉમંગે કરો, અને રાજયની ચિંતા તજો. નાથ, મનુષ્યની એકસરખી સ્થિતિ હમેશ રહેતીજ નથી. સતૂયુગના આભૂષણરૂપ માન્ધાતા રાજા, મહાસમર્થ એવા શ્રી રામચંદ્રજી. યુધિષ્ટિર જેવા મોટા રાજા રાજય મુકી એકવાર વનમાં જઇ વસ્યા હતા. વળી ચૌદશો છોતેર હાથી જેનાં લશ્કરમાં અગ્રેસર ચાલતા હતા, એવા માળવાના રાજા મુંજને જે વિપત્તિ પડી છે, તેવી તો હે નાથ આપણને નથી, તો શા માટે પરિતાપ કરો છો? રાજય

સંપત્તિ એજ દુ:ખનું મૂળ છે, તો તે આપણે ખુશીથી તજી દઇશું. એક નાની ઝુંપડી રહેવા માટે અને સાદો ખોરાક આ દેહને ટકાવી રાખવા મળશે તો બસ છે. નાથ જ્યારે હું આપણી સાથે એવી એક આનંદી ઝુંપડીમાં વસીશ, ત્યારેજ તમોને ખરેખરા કૂદરતી સુખનો અનુભવ થશે. માટે જેનાં દરેક અવયવો ભયથી ભરેલા છે. અને જે આકૃતિ આપણને હમેશ ભયરૂપ રાખે છે, તેને જ્યારે આપણે તજીશું, ત્યારે જે પરમાનંદ આપણને થશે તેનો ખ્યાલ હું મારા મનમાં સમજુંછું. માટે વિજયસિંહ તરફથી મદદ આવે, એટલે કુમારની શોધ ચાલુ કરો, અને એજ વિચારને વળગી રહી ભવિષ્યના સઘળા વિચારો તમે તજી દો.

ખરેખર, તમારા તર્કના હું કેટલાં વખાણ કરૂં દેવી. જે વિચારરૂપ બોજામાં મારૂં મન કચડાઇ જતું હતું તે તમારા બોલોએ કરી તેમાંથી મુકત થયું છે. મગજનો ભાર કમી થવાથી મન સ્વચ્છ થયું છે. અને હવે કુમારની શોધ માટે જવા મારામાં નવું રકત આવ્યું છે.

રાજા રામપાળ અને પટરાણી હવે તે આરામ મંચપરથી ઉઠી સ્નાન કરવા ગયાં, એટલે દાસદાસીઓ તે દીવાનખાનાનો કચરો સાફ કરવા લાગ્યાં.

પ્રકરણ ૬.

મારો વહાલો પ્રતાપ

ભૈરવગઢ અને લલીતપુરના બનાવને હાલતો આપણે ભૂલી જવા જોઇએ, ભયંકર રાત્રીનો છૂપો ભેદ અને લલીતપુરમાં થતાં ખૂનોનો કરૂણામય ચિતાર સાથ કુમાર કિશોરની વધુ વિગતો આપણે વાર્તા વિનોદ અંકમાળાના ત્રીજા અંકમાં જાણીશું. હાલતો ધવલગિરિના રાજ્યમાં યુવરાજ કેશરીનો જન્મ દિવસ હોવાથી, રાજ્યમાં આનંદ મહોત્સવ ચાલી રહયો છે. તેમાં આપણે ભાગ લઇશું, કારણ કુમાર કેશરીની, વાર્તા વિનોદના પ્રથમ અંકમાં આપણે ઓળખ આપી ગયા છીએ.

ધવલગિરિના નાના મોટા સઘળા દરબારી **મહેલો આશોપાલવના તોરણોએ કરી આ-ચ્છાદાન** થઇ રહયાં છે. શાન્તિભુવનમાં દાસ દાસીઓ નવા વસ્ત્રાભુષણ સજી આનંદે મ્હાલી રહયા છે. યુવરાજ **કેશરી** અને વસંત, દીવાનખાનામાં કેટ-લીક સખીઓ સાથે રમતગમત મચાવી રહયા હતા અને મહારાજ **વજયસિંહ** દરબારની ગોઠવણ માટે અમાત્ય સાથ મસલત ચલાવી રહયા હતા. થોડીવારે તેઓ કુમારવાળા દીવાનખાનામાં આવ્યા, તો **કેશરી** તેમને બાઝી બોલી ઉઠયો—જુવો પિતાજી આ વસંત, કુમુદ, અને પેલી લુચ્ચી રતી મને બા-યલો બાયલો કહે છે.

ના, તમે તો બહાદુર, તમને તે વળી બાય-લો કહેવાય ? એતો કાંઇ એવું બીજું બોલતા હશે, તે તને સમજ પડી ન હશે.

ના, જુવોને. આ પેલી રતિ મને મોં મચકે છે—હમણાંજ એણે મારી ખીજ પાડી.

પિતાજી, જુવો હમે ગરબા ગાઇએ તેમાંએ

હમારા કુંડાળાની વચ્ચે આવી બધીઓના હાથ અને પાલવ તાણે છે.

હા પેલી છબી—

લે જુવો પિતાજી તમે આમ જોયું ને એને—એમ કહી કેશરીને બોલતા અટકાવી **વસંતે** કેશરીના ગજવામાં હાથ ઘાલી ઝરીના કપડાંની બનાવેલી એક ઢીંગલી કહાડી વિજયસિંહના હાથમાં મુકી બોલી—આ જુવો, હવે તે—બાયલો હોય તેજ પિતાજી ઢીંગલી સાથ રમે કની.

લે જુવો હવે લુચ્ચી **વસંત** મને બાયલોજ કહે છે કની.

હા, ચાલો, કુમાર, છોડીઓની રમતમાં આપણાથી ન રમાય. તમને આજ નવું વર્ષ બેઠું એટલે દિવસે દિવસે શાણા થવું જોઇએ. આજ હું તમોને એક નાની સુંદર કટાર આપીશ.

પિતાજી, દેવી કેમ નથી જણાતાં, ચાલો આપણે ત્યાં, હવે એ લુચ્ચી વસંત સાથ બોલીશજ નહીં.

નહિ નહિ, **કેશરી**, બહેન સાથ તે રસણું

હોય, આવ બા, હમે તો તમે અમસ્તકા ખીજતા હતા. મારા સમ લે જો આવ, હમે તને રમાડી- એ—એમ કહી વસંતે કેશરીનો હાથ પકડી પોતા ભણી ખેંચ્યો, પણ એટલામાં ગુમાન આવી લાગ્યાથી તે વસંતનો હાથ છોડી દઇ ગુમાનનું ધોતીયું પકડી બોલ્યો—બોલ ગુમાન મારો તે લાલુ કયાં છે ? ચાલ લાવ, જલદી લાવ, ચોર, મારો લાલુ બતાવ, એમ કહી બે ત્રણ થપડાક ગુમાનની જાંઘપર મારી.

સાહેબ તમારો લાલુ, અરે સાહેબ તે છે છે, મને મારો નહીં, હું મરી જઇશકની તો તમારે મારા કુટુંબને પાળવું પડશે.

ચાલ, લાવ, બતાવ, મને—એમ કહી તે ગુમાનની આંગળી પકડી ત્યાંથી જતો રહયો.

ગુમાન અને કેશરીના ગયા પછી વસંત બોલી—અલિ રતિ **કેશરી**એતો ભરમ ફોડીજ દીધો હતો. કેમ બહેન ?

" હા બહેન જુવોને છબી "— " હા, એતો હું એના ગજવામાંથી ઢીંગલી કાઢવા લાગી એટલે

તે વાત ભુલી ગયો."—મુઇ રાંડ આજ આપણે ઢીંગલીએજ બચાવ્યા. કુમુદ બોલી—"હા, નહીંતો પિતાજી જો જાણત કની તો શું નું શું થઇ જાત." લો ચાલો ત્યારે હવે બાગમાં જઇએ કે પછી ગમે તે વાતો કરીએ નો ગભરાવાનું નહીં." ખરી વાત ચાલો બાગમાં—અને હવે સઘળું મંડળ તે દીવાનખાનું છોડી—બાગમાં જઇ, જેની આસપાસ ગુલાબના રોપાઓ આવી રહયા હતા, એવા એક ગોળ ચોગાનમાં આવી ઉભું" છે હવે કાંઇ બીક? વસંત બા, બોલો હવે ગમે તેમ. જરાએ શરમાશો નહીં. પણ જો જો, વખતે પેલા તમારા છબીલાને આ ગુલાબના રોપાના કાંટા ન વાગે,—કુમુદે કહયુ—અરે વાગશે તે કેમ? (કીશોરી બોલી) એતો સખીએ પોતાની કંચુકીમાં તેમને સંતાડી હૃદયમાં દાબી રાખ્યા છે. લો જુવો આવી મશ્કરીઓ કરશો તો હું જતી રહીશ, મારે કાંઇ બા ગરબા ગાવાનો કોડ નથી." "વસંતે કહયું" "ભલે ત્યારે આવ્યા જ શુ કામ—" મચકો કરી રતિ બોલી. ચાલો હવે રહેવા દો મશ્કરીઓ, નહીતો વસંતબાના છ-

બીલા, વખતે એમની કચુકીમાંથી નીકળશે કની, તો બધીઓના હાડકા બાંગશે—અલિ કુમુદ ચાલો હવે માંડોને ગરબો ? પણ ગવાડે કોણ ? રતિએ કહ્યુ—આ કિશોરી—મારે કયાં ના છે. વળો કુંડાળુ અને ઝીલો.

ગરબો.

નટવર વસંત—રાહ.

શો વૃંદાવન માંહી લાલો ખેલી રહયો,—
ખેલી રહયો, ખેલાવી રહયો—શો
શરદ રૂતુ સોહામણી, ચંદ્રકળા ભરપૂર.
રાસ રમે રમણિક અતિ, રમણિનું શું નુર.
ભવ્ય બાળ ભાળી ભામા, ધાય મોહન રંગમાં
કેવો પ્રેમનો પાઠ લાલ, બોલી રહયો—
(૨) બોલાવી રહયો.

શિતળ સમિરની લહેરીઓ, પુષ્પ માંહી પ્રવેશ.
કરી સુગંધ દે છે અતિ, લલનાનો શો વેશ.
પાદપ શું પંખો નાંખે, હાલિને અનિલથી
કેવી કોકિલ વાણિ લાલ, કાઢી રહયો—
(૨) કઢાવી રહયો—શો
ઉડુ ગણશું મૌક્તિક દીસે, ચકચક થાય નિરધાર,
કામ કળાને કેળવે, મારે મોહન માર.
શૃંગાર બાજી વ્હાલો, માંડી મંડાવતો,
નાખી ગ્રિવામાં હાથ, પ્રેમે મહાલી રહયો—
મ્હાલી (૨) મ્હલાવી રહયો—શો
લાલા કેરા તાનમાં, ગોપિકા ગુલતાન,
ભાન સાન ભૂલી જઇ, આપે પ્રેમનું દાન,
લે છે પરસ્પરે સહુ તાલ, ઝાંઝર ઝમકે રે
ઉડે સમિરથી બહુ ચીર, નૂપુર ઠમકે રે.
જાણે ચીરી કંચુકી સ્તન, મોહનને બાળે રે
રંગીલો રાજી થાય, લાલી ગાલે રે.
નૃત્ય કરે, કૃત્ય કરે, મન્મથનું પ્રેમથી,

કેવો મૃગાક્ષિ મારથી એ હારી રહયો—

(૨) હરાવી રહયો શો

ચંચળ ચારૂ ચાલથી, ચપળા ચોરે ચિ-ત.
ધરતી ધ્રુજાવે ચરણથી, ઉપજાવે છે પ્રીત.
ભામની ને ભોળવે શી, મંદ મંદ હાસ્યથી,
કેવો સ્મરના સદન માંહી ચાલી રહયો—

(૨) ચલાવી રહયો – શો

ગરબાની છેલ્લી કડી પૂરી થઇ રહી. એટલે સઘળી કુંડાળામાંથી છુટી થઇ બાગમાં ફરવા લાગી. વસંત આરામ મંચપર બેઠી. પણ એટલામાં કિશો-રી—બોલી ઉઠી, અરે જુવો જુવો, પેલી મોગરાની વિહાર કુંજમાં કોઇ સુતું છે. ચાલો તપાશીએ—તે-ઓ સઘળા તે કુંજમાં આવી ઉભા તો કોઇક રા-જબાળાને સુતેલી જોઇ, વસંત વાંકી વળી, તેને ઉ-ઠાડવા લાગી—વાંકા વળતાં વસંતની કંચુકીમાં સં-તાડેલી તે છબી, રાજબાળાની આંખ ઉપર પડતાં ઝબકીને બોલી ઉઠી **અરે આતો મારો વહાલો પ્રતાપ ???**

તૈયાર છે તૈયાર છે તૈયાર છે.

"ધી ઇંગ્લીશ ગાઇડ"

આજ સુધી આના જેવી બીજી કોઇ સહેલી, સસ્તી અને ઉપયોગી ચોપડી બહાર પડીજ નથી આ પુસ્તક વાસ્તે ઘણા અભિપ્રાયો તેનાં કર્તાને મળેલાં છે મંગાવેથી અભિપ્રાયનું લીસ્ટ મફત મોકલવામાં આવશે.

કીંમત રૂ. ૦--૧૦--૦ વી. પી. ચાર્જ જુદો

બાલુભાઇ ભગવાનદાસ સંસ્કૃત બુકસેલર.

સગરામપુરા--અને મોટા મંદીર હાઇરોડ—સુરત.

વાર્તા વિનોદ અંકમાળા

નંબર પહેલો

ભયકર રાત્રીનો છુપો ભેદ.

પ્રકરણ ૧--ભયંકર રાત્રીનો છુપો ભેદ. પ્રકરણ ૨--લલીતપુરની દરબાર. પ્રકરણ ૩--અરણ્યમાં વસંત

અને કેસરી. પ્રકરણ ૪--રંગમાં ભંગ. પ્રકરણ ૫--ભે દ ભરેલો પત્ર. પ્રકરણ ૬--કાળીચૌદશની રાત્રી પ્રકરણ ૭--દીપોત્સવ.

કીંમત ટપાલ સાથે આના બે (પોષ્ટની ટીકીટો મોકલવી)

કાળી ચૌદશની ભયંકર રાત્રી

પ્રકરણ ૧ અનાથ ચંદા. પ્રકરણ ૨ સ્મશાનમાં ભમતાં ત્રણ ભૂતો પ્રકરણ ૩ પતિ અને પ્રિયા પ્રકરણ ૪ ત્રીજા ભૂતનું સહાસ પ્રકરણ ૪ ધૈર્યતાનાં ફળ અને છેવટ

કીંમત ટપાલ સાથ ત્રણ આના

બાલુભાઇ ભગવાનદાસ સંસ્કૃત બુકસેલર

સગરામપરા અને મોટા મંદીર હાઇ રોડ—સુરત.

સંસ્કૃત વાકયાવળી

સંસ્કૃતમાં વાતચિત કરતા શિખવાની બુક.

એક પાસ ગુજરાતિ બીજી પાસ સંસ્કૃત.

ગુજરાતિ જાણનારને વ્યાકરણ શિખ્યા શિવાય

સહેલાઇથી સંસ્કૃતમાં વાતચિત કરતાં શીખવું હોય તો ઉપલી બૂક ખરીદ કરો. એ બૂક માટે નીચે જણાવેલા માનવંતા ગ્રહસ્થોના સારા અભિપ્રાયો મળેલા છે. ગૂજરાતી પ્રેસમાં છપાવવામાં આવી છે.

શાસ્ત્રી બાળશાસ્ત્રી સહસ્ત્ર બુધે. સુરત નરભેરામ, એમ, જોશી બી. એ. શાસ્ત્રી ગણપતરામ વિદ્યલક્ષ્મી પાઠશાળાના અધ્યાપક. બી. એન પંડયા. બી. એ. વડોદરા હાઇસ્કુલના માસ્તર રાજારામ ભટ્ટ સંસ્કૃત સાહિત્યના અધ્યાપક કલા ભુવન શાસ્ત્રી જીવરામભાઇ જૈન દીગંબર પાઠશાળાના શાસ્ત્રી મુંબાઇ.

કીમત આના ૧૨) ટપાલ એક આનો

કીસ્સાઓ ઉરદુ જબાન હરફ ગુજરાતી

	કીંમત	ટપાલ
કસઅુલ ખુલાસા	૦—૨—૦	૦—૦—૬
નાજની પઠાણ	૦—૧—૦	૦—૦—૬
નાજ મુઅજીએ	૦—૪—૦	૦—૦—૬

ચુવા બીલ્લી

લેલીમજનૂ

સખાવત

હાતમ

ચાર

મ૯

શા